
ગાંધીનગર સમાચાર

# મોંઘવારીમાં તીવ્ર વધારો

## બજેટ પહેલા સરકાર સામે નવા પડકારો સર્જાયા

નવી દિલ્હી,તા.૧૬

તીવ્ર મોંઘવારી વચ્ચે કોફી, ચા, શાકભાજી અને અન્ય ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થતાં મે મહિનામાં ફુગાવો વધીને ૬.૦૧ ટકા સુધી પહોંચી ગયો છે. આની સાથે જ ફુગાવો પાંચ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે. ફુગાવો ઉંચી સપાટી પર પહોંચતા સરકાર અને આરબીઆઈની ચિંતા વધી ગઈ છે. હોલસેલ એન્ડ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) આધારિત ફુગાવો એપ્રિલ મહિનામાં ૫.૨૦ ટકા હતો જ્યારે મે મહિનામાં એક વર્ષ અગાઉ આની સપાટી ૪.૫૮ ટકા હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા આજે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, આ મહિના દરમિયાન જે ખાદ્યાન ચીજવસ્તુ વધુ મોંઘી થઈ છે તેમાં કોફીમાં ૨૩ ટકાનો, પોલ્ટ્રી ચીકનમાં ૭ ટકાનો વધારો થયો છે. જ્યારે ફિશ ઈનલેન્ડમાં ૬ ટકાનો વધારો થયો છે. ફળફળાદિ અને શાકભાજીની કિંમતમાં ચાર-ચાર ટકાનો વધારો થયો છે. અન્ય જે ચીજવસ્તુઓ વધુ મોંઘી થઈ છે તેમાં મસાલા, ફિશમરીન, અળદ, મસુરનો સમાવેશ થાય છે. આમાં ત્રણ-ત્રણ



ટકાનો વધારો થયો છે. ચોખા અને મગની કિંમતમાં બે-બે ટકાનો વધારો થયો છે. જ્યારે દૂધની કિંમતમાં એક ટકાનો વધારો થયો છે. જોકે કેટલીક ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો પણ થયો છે. જેમાં મકાઈની કિંમતમાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. ઘઉંની કિંમતમાં બે ટકાનો ઘટાડો થયો છે. આ ઉપરાંત ઈંડા, જુવાર, ચણાની કિંમતમાં ઘટાડો થયો છે. નોન ફૂડ આર્ટિકલ કેટેગરીની વાત કરવામાં આવે તો સોયાબીનમાં ૧૦ ટકાનો વધારો થયો છે. નારિયેળમાં આઠ ટકા, તમાકુમાં સાત ટકા, જ્યુટમાં પાંચ ટકા, મગફળી બિયા, કપાસબિયામાં એક-એક ટકાનો વધારો નોંધાયો છે. આંકડા દર્શાવે છે કે, શાકભાજીની કિંમતમાં વધારો થયો છે. ઘાસચારાની કિંમતમાં આ ગાળા દરમિયાન ઘટાડો થયો છે. માર્ચ મહિનાથી ફુગાવાનો આંકડો સતત બદલાઈ રહ્યો છે. મોંઘી ખાદ્યાન ચીજવસ્તુઓના પરિણામ સ્વરૂપે ફુગાવો વધીને ૬.૦૧ ટકાની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે. આનાથી તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે.

# માઈકલ સુમાકર કોમામાંથી ૬૭ માસ બાદ બહાર આવ્યો

ગ્રેનોબલ, તા.૧૬

જાણીતા કાર રેસર માઈકલ સુમાકર હવે કોમામાં નથી અને તે સ્વસ્થ થઈ ગયો છે. ૬૭ મહિના સુધી હોસ્પિટલમાં રહ્યા બાદ તે પોતાના ઘરે જતો રહ્યો છે. ૬૭ મહિના અગાઉ આ મહાન કાર રેસરનું સ્કીઈંગ કરતીવેળા અકસ્માત થયો હતો. ત્યારથી જ તે કોમામાં હતો. પરંતુ હવે તેના મેનેજરે કહ્યું છે કે સુમાકર કોમામાંથી બહાર આવી ચુક્યો છે.



સુમાકરના મેનેજર સબીન કેમે કહ્યું છે કે, તેના પરિવારને વિશ્વાસ છે કે ચાહકોની પ્રાર્થનાના પરિણામ સ્વરૂપે સાત વખતના ફોર્મ્યુલા વન ચેમ્પિયન કોમામાંથી બહાર આવ્યો છે. કેમે એક નિવેદન જારી કરી કહ્યું છે કે, માઈકલ ગ્રેનોબેલ હોસ્પિટલમાંથી જઈ ચુક્યો છે. હવે લાંબા સમય સુધી રીહેબિલિટેશનનો દોર શરૂ થઈ ચુક્યો છે. તેમના પરિવારના સભ્યો સારવાર કરી રહેલા તબીબો, નર્સ, થેરાપીસ્ટની સાથે ગ્રેનોબલના સંપૂર્ણ સ્ટાફના સભ્યોનો આભાર માન્યો છે. આવનાર દિવસો અંગે એટલું જ કહી શકાય છે કે, રીહેબિલિટેશનના ગાળા દરમિયાન સુમાકર લોકોની નજરથી દૂર રહેશે. કાર રેસિંગમાં ઈતિહાસ રચનાર સુમાકર ફ્રાંસમાં ૨૯મી ડિસેમ્બરના દિવસે અકસ્માતનો શિકાર થયો હતો. ૪૫ વર્ષીય રેસરનું માથું એક પત્થર સાથે ટકરાઈ જતા તે કોમામાં જતો રહ્યો હતો. ત્યારબાદથી તે હોસ્પિટલમાં ભરતી હતો. બે ઓપરેશન પણ તેના પર કરવામાં આવ્યા હતા. તેના માથામાં લોહી જામી જતા દૂર કરવા ઓપરેશન થયા હતા.

# ગોપીનાથ મુંડે મોત મામલે સીબીઆઈ ચકાસણી શરૂ

નવી દિલ્હી, તા.૧૬

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય પ્રધાન ગોપીનાથ મુંડેના દિલ્હીમાં માર્ગ અકસ્માતમાં મોત બાદ આ મામલામાં સીબીઆઈએ તપાસ પોતાની રીતે હાથ ધરી છે. સુત્રોએ કહ્યું છે કે, સીબીઆઈ દ્વારા દિલ્હી પોલીસ પાસેથી તપાસ પોતાના હાથમાં લઈ લીધા બાદ એક કેસ દાખલ કરી દીધો છે. સુત્રોએ કહ્યું છે કે, ગૃહ મંત્રાલય દ્વારા મુંડેના અકસ્માતમાં મોત બાદ સીબીઆઈ તપાસની ઘણા રાજકીય નેતાઓએ માંગ કર્યા બાદ સીબીઆઈને તપાસ સોંપી દેવામાં આવી હતી. સીબીઆઈએ તપાસ હાથ ધર્યા બાદ પુરાવા એકત્રિત કરવાની કવાયત હાથ ધરી છે. નરેન્દ્ર મોદી સરકારમાં ગ્રામિણ વિકાસ પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ મુંડેનું કાર અકસ્માતમાં મોત થયું હતું. મહારાષ્ટ્રના ખૂબ જ લોકપ્રિય પછાત વર્ગના નેતા ૬૪



વર્ષીય મુંડે ત્રીજી જુનના દિવસે ઈન્દિરા ગાંધી એરપોર્ટ તરફ જઈ રહ્યા હતા. ત્યારે પૃથ્વીરાજ રોડ-તુગલક રોડ ખાતે અન્ય એક વાહને તેમની ગાડીને ટક્કર મારી દીધી હતી. મુંડેનું આ અકસ્માતમાં મોત થયું હતું. દિલ્હી પોલીસે ૩૨ વર્ષીય કાર ડ્રાઈવર સામે કેસ નોંધીને તપાસ હાથ ધરી હતી. ગુરવિન્દરસિંહ નામના કાર ડ્રાઈવરને મુંડેના વાહનને ટક્કર મારી હતી. મહારાષ્ટ્રમાંથી ભાજપના નેતા દ્વારા સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી હતી. નિતિન ગડકરી દ્વારા પણ સીબીઆઈ તપાસની માંગ કરાઈ હતી. મુંડેની પુત્રી અને ધારાસભ્ય પંકંજા દ્વારા નિવેદનમાં જણાવાયું હતું કે, મામલામાં તપાસ થાય તે જરૂરી છે. સીબીઆઈ તપાસના સંદર્ભમાં વાતચીત કરવામાં આવી હતી. એનસીપીના નેતા શરદ પવારે પણ સીબીઆઈ તપાસ કરવાની માંગ કરી હતી. જેથી છેલ્લે સીબીઆઈનો નિર્ણય કરાયો હતો.

# ગરીબોને ઘર બનાવવા માટે ૧૨૦૦૦ આપવાનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૧૬

કેન્દ્ર સરકારે ગરીબોને ઘર બનાવવા માટે દરેક પરિવારદીઠ ૧૨૦૦૦ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે. સરકાર આના માટે સામાજ કલ્યાણની બે યોજનાને ભેગી કરવાની તૈયારીમાં છે. મોનસુનનો વરસાદ સરેરાશ કરતા ઓછો રહેવાની આગાહી કરવામાં આવી રહી છે ત્યારે આવા સમયમાં આના કારણે ગ્રામીણ રોજગાર યોજના અને અન્ય યોજનાને પ્રોત્સાહન મળી શકે છે. સમાજ કલયાણની બે મોટી યોજના ઈન્દિરા આવાસ યોજના અને મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ એક્ટને ભેગી કરવાથી બન્નેની કુલ રકમ ૫૦૦૦૦ કરોડથી વધારે થઈ જશે. ઈન્દિરા આવાસ અને મનરેગાને એકત્રિત કરવાથી આ બન્નેના ફંડની રકમ વધી જશે. નવી સરકારનો હેતુ આ બન્ને યોજનાના સંશાધનને એકત્રિત કરીને દરેક વ્યક્તિને આવાસની સુવિધા આપવાનો છે. સરકાર એવા ગરીબોને મનરેગા મારફતે નોકરી આપસે જે ઈન્દિરા આવાસ યોજના મારફતે પોતાના ઘર બનાવશે. આનાથી સિમેન્ટ, સ્ટીલ અને લોકલ બિલ્ડિંગ ઈન્ડસ્ટ્રીઝને પણ ફાયદો થશે. જેથી વધુને વધુને પ્રોત્સાહનમળસે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે મંત્રાલય દ્વારા મનરેગા હેટળ ઈન્દિરા આવાસ યોજના સ્કીમમાં ઘર બનાવવા માટે દરેક પરિવારને ૧૨૦૦૦ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે. આ રકમ એ યુનિટ ખર્ચ કરતા વધારે છે જે સરકાર ગ્રામીણ હાઉસિંગ સ્કીમ હેઠળ આપે છે. સરકાર આ સંબંધમાં ટુંકમાં જ નવી માર્ગદર્શિકા જારી કરનાર છે. નવી યોજનાનો હેતુ ગ્રામીણ પરિવારોને પોતાના ઘર બનાવવા માટે પ્રોત્સાહન આપવાનો છે. આમાં તેમને લેબર ખર્ચની બચત પણ થશે. સાથે સાથે મનરેગામાં લોકોને રસ વધશે.લોકોને સીધો ફાયદો થશે.

# દેશ છોડવા વિદેશી કંપનીઓને પાક તાલિબાને ચેતવણી આપી

## પાકિસ્તાન સાથે તેમના સંબંધ તોડીને દેશ છોડી દેવાની ચેતવણીથી ભય : નુકશાન થશે તો પોતે જવાબદાર રહેશે

પેશાવર, તા.૧૬

પાકિસ્તાની તાલિબાને દેશમાંથી વિદેશી કંપનીઓને જતા રહેવાની આજે જોરદાર ચેતવણી આપી હતી. અફઘાન સરહદ ઉપર હિંસાગ્રસ્ત વિસ્તારોમાં હજારો સૈનિકો દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ લડાઈના માહોલમાં દેશ છોડી દેવા વિદેશી કંપનીઓને પાકિસ્તાન તાલિબાન દ્વારા અપીલ કરવામાં આવી છે. એક નિવેદનમાં પ્રવકતા સાહિદુલ્લાએ કહ્યું છે કે અમે તમામ વિદેશી મૂડીરોકાણકારો, એરલાઈન્સો અને મલ્ટીનેશનલ કંપનીઓને દેશ છોડીને જતા રહેવા કહી રહ્યા છે. પાકિસ્તાન સાથે તેમના સંબંધોને તોડી લેવા અને પાકિસ્તાન છોડવાની તૈયારી કરવા અમે ચેતવણી આપી રહ્યા છે. જો આવું કરવામાં નહીં આવે તો તેમના પોતાના નુકશાન માટે તેઓ જવાબદાર રહેશે. તાલિબાન ઉત્તર વજિરિસ્તાન આદિવાસી જિલ્લાના સૌથી મજબુત સ્થિતિમાં છે. જ્યાં પાકિસ્તાની સેના દ્વારા સતત ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. કરાંચીમાં પાકિસ્તાનના મુખ્ય વિમાની મથક ઉપર હુમલો કરીને મોટી સંખ્યામાં લોકોને મોતને ઘાટ ત્રાસવાદીઓએ ઉતારી દીધા બાદ પાકિસ્તાની સેનાએ પણ આતંકવાદીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. ઈસ્લામિક સંગઠને સરકારથી બદલો લેવાની ધમકી આપી છે. આવી સ્થિતિમાં ટૂંકમાં પાકિસ્તાનમાં રક્તપાત વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.નવાઝ શરીફ સરકાર અને પંજાબી પ્રાંતની સરકારને ભારે નુકશાન થઈ શકે છે.

મુઝાહિદ્દીનના વળતા પગલા ખૂબ જ ખતરનાક હોઈ શકે છે. શાહિદે કહ્યું છે કે, જવાબી હુમલાના ભાગરૂપે સંપત્તિને નુકશાન પહોંચાડવામાં આવશે. ઉત્તરીય વજીરિસ્તાન એક માત્ર એવા વિસ્તાર તરીકે છે જ્યાં આતંકવાદીઓ સામે મોટાપાયે લશ્કરી ઓપરેશન ચાલી રહ્યું છે. ચેચાન, ઉજવેગ સહિતના વિદેશી આતંકવાદીઓ પણ મોટાપાયે આ પ્રદેશમાં છુપાયેલા છે. વારંવાર વિદેશી આતંકવાદીઓની ઉપસ્થિતિ હોવા અંગેના અહેવાલ પણ આવતા રહે છે.

# વડાપ્રધાન મોદીનું ભુટાનની સંસદમાં ઐતિહાસિક સંબોધન

## ત્રાસવાદ લોકોને વિભાજિત કરે છે અને ટુરિઝ્મ જોડે છે : નરેન્દ્ર મોદી

થિમ્પુ,તા. ૧૬

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભુટાનની સંસદમાં ઐતિહાસિક સંબોધન કર્યું હતુ. જેમાં મોદીએ કહ્યું હતું કે ત્રાસવાદ લોકોને એકબીજાથી વિભાજિત કરે છે જયારે પ્રવાસ અથવા તો ટ્યુરિઝમ એકબીજાને જોડે છે. મોદીએ ભુટાનની સંસદના સંયુક્ત સત્રને સંબોધન કર્યું હતુ. મોદી બારતના વડાપ્રધાન બન્યા બાદ તેમની પ્રથમ વિદેશ યાત્રા છે. મોદી હાલમાં ભુટાનની બે દિવસની યાત્રા પર છે. તેમણે કહ્યું હતું કે હિમાલય માટે તમામને સહયોગ કરવાની જરૂર છે. મોદીએ તેમના સંબોધનમાં દરેક મુદ્દા પર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે હિમાલય માટે સેન્ટ્રલ યુનિવર્સિટી બને તે જરૂરી છે. મોદીએ કહ્યુ હતું કે ભારત-ભુટાન સાથે મળીને પ્રવાસ કેન્દ્ર બનાવી શકે છે.ભુટાનની સંસદીય વ્યવસ્થાની પ્રસંસા કરતા તેમણે કહ્યુ હતું કે આનાતી બોધપાઠ લેવાની જરૂર છે. હાઈડ્રોપાવરની વાત કરતા મોદીએ કહ્યું હતું કે આનાથી ભારત અને ભુટાન બન્નેને આનાથી ફાયદો થશે. ભુટાનના લોકોની પ્રશંસા કરતા મોદીએ કહ્યુ હતું કે ભુટાનના યુવાઓ ખુભ કુશળ અને સક્ષમ છે. શિક્ષણને આધુનિકીકરણથી જોડવાની તરફેણ કરતા તેમણે કહ્યું હતું કે ભુટાને શિક્ષણના ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છે. વિજળીના ઉત્પાદનતી ભુટાનની પ્રગતિ થશે. મોદીએ કહ્યું હતું કે ભારતની તાકાત જેટલી વધશે તેટલા જ પ્રમાણમાં પડોશી દેશની સ્થિતી સુધરશે. એકબીજાની મદદ કરવાની બાબત પડોશીની ફરજ છે. ભારત અને ભુટાને એકબીજા માટે દરવાજા ખુલા રાખ્યા છે. ભુટાનમાં લોકશાહીની સ્થાપના એક ઐતિહાસિક પગલુ છે. ભારતની મજબુતી સાર્ક દેશો માટે પણ ઉપયોગી છે. બારતાના વડાપ્રધાને ભુટાનની સસ્કૃતિ અને વિકાસની પ્રશંસા કરી હતી. ભુટાનની ગ્લોબલ વોર્મિંગ રોકવામાં મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. તેમણે કહ્યું હતુ કે સેટેલાઈટ ટેકનોલોજી અને સ્પેશ ટેકનોલોજીથી ભુટાનને ફાયદો થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલે ભુટાન પહોંચ્યા બાદ તેમનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું



હતું. નરેન્દ્ર મોદીના સ્વાગત માટે પહેલાથી જ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. મોદીના સ્વાગત માટે સમગ્ર ભુટાન જોડાયું હતુ. મોદી ગઈકાલે ભુટાન પહોંચ્યા બાદ સુપ્રીમ કોર્ટની નવી ઈમારતનું ઉદ્ઘાટન કરવા પહોંચ્યા હતા. વ્યુહાત્મક મુલાકાતના ભાગરૂપે મોદી એરફોર્સના વિશેષ વિમાનમાં પહોંચ્યા હતા જ્યાં તેમને ગાર્ડઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ભુટાનના એકમાત્ર આંતરરાષ્ટ્રીય વિમાની મથકે પહોંચ્યા બાદ ત્યાંથી તેઓ થિમ્પુ જવા રવાના થઈ ગયા હતા. મોદીને આવકારવા ભુટાનના વડાપ્રધાન શેરિંગ તોબગે સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. મોદી સાથે મોટો કાફલો પણ ભુટાન પહોંચ્યો છે. જેમાં વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીતદાભોળ અને વિદેશ સચિવનો સમાવેશ થાય છે.રાષ્ટ્રપતિ ભવનમાં થોડાક સમય પહેલા જ શપથવિધિમાં ભાગ લેવા બદલ ભુટાનના વડાપ્રધાન અને અન્ય સાર્ક નેતાઓનો નરેન્દ્ર મોદીએ આભાર માન્યો હતો. મોદીએ કહ્યું હતું કે, વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં હાલમાં ચુંટણી યોજાઈ છે.

## સમાચાર ઝલક

- ભારે વરસાદથી કેદારનાથમાં પુનઃ તબાહીની શક્યતા.
- ભારતની રિઝર્વ બેંક પાસે ૬૨ ટ્રક સોનું જમા છે.
- ૬૫% પુરૂષ નોકરી કરતી મહિલા સાથે લગ્ન ઇચ્છે છે.
- મધ્યપ્રદેશમાં આઘાતજનક ઘટના, આદિવાસી મહિલા ઉપર દસ વ્યક્તિઓએ દુષ્કર્મ આચર્યું.
- તાલીબાનોએ આદેશ (ફતવો) ન માનનાર અફઘાનોની આંગળીઓ કાપી નાખી.
- મોટા ભાગની મહિલા સાથે જોબ સ્થળ ઉપર સતામણી થાય છે, ૬૦% જાતીય સતામણીના કિસ્સા, સર્વેમાં ચિંતાજનક તારણો.
- ડીસા બનાસકાંઠા વિસ્તારમાં ઉનાળું મગફળીની ખોદણીની શરૂઆત.
- અમેરિકામાં હિન્દુઓનું સૌથી મોટું મંદિર બનશે, પ્રમુખ સ્વામી મહારાજ ઓગસ્ટમાં અમેરિકા જશે.
- દેશમાં કોઇ પણ ભાગમાં સ્થળાંતર કરો, તો પણ મોબાઇલ નંબર યથાવત રહેશે.
- આંતરીયાળ વિસ્તારના એ.ટી.એમ. સવારે ૬થી રાત્રી ૧૦ સુધી કાર્યરત રહેશે.
- રાજકીય પક્ષોના ચૂંટણી ખર્ચ પર પણ મર્યાદા આવશે, દિલ્હી હાઇકોર્ટમાં ચૂંટણીપંચનું સોગંધનામું.
- ફીફા વર્લ્ડકપમાં વિશ્વ ચેમ્પિયન સ્પેનની ૫૧ વર્ષમાં સૌથી મોટી હાર.
- દેશમાં ૧ લાખ કીલોમીટરના નેશનલ હાઇવે ઉપર ૨૦૦ કરોડ વૃક્ષો રાપાશે : નીતિન ગડકરી.
- રક્તદાનમાં ગુજરાત મોખરે, ૧ વર્ષમાં ૮ લાખ યુનિટ રક્તદાન એકઠું કર્યું.
- વઢવાણ સ્વામીનારાયણ મંદિરમાં ૨૦ લાખની ચોરી.
- હેલીકોપ્ટર લેન્ડીંગમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરિશ રાવત ઘાયલ, એમ્સમાં સારવાર હેઠળ.
- એ.ટી.એમ. સ્થાપવાના લક્ષ્યાંકમાં બેંકો નિષ્ફળ, ૯૩૦૦ શાખાઓ એ.ટી.એમ. વિનાની.
- ધ્યાન કેન્દ્રીત કરીને શરદી તાવથી દૂર રહી શકાય.

**રેલવે યાત્રી ભાડામાં વધારો થાય તેવી શક્યતા**

# ડીઝલ સબસિડી દુર કરવા મોદી સરકારની તૈયારી શરૂ

નવી દિલ્હી,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડાક દિવસ પહેલા જ કહ્યું હતું કે દેશના અર્થતંત્રને પાટા પર લાવવા માટે કેટલાક બિનલોકપ્રિય પગલા લેવા પડશે. મોદીની આ જાહેરાત બાદથી જ તર્કવિતર્કોનો દોર ચાલી રહ્યો હતો. હવે એવા સંકેત મળી રહ્યા છે કે મોદી તીવ્ર મોંઘવારીની સ્થિતીમાં કેટલાક કઠોર પગલા લેવા જઇ રહ્યા છે. જેમાં રેલવે ભાડામાં વધારો, કેરોસીન અને રાંધણ ગેસની કિંમતામાં વધારો જેવા સંવેદનસીલ પગલાનો સમાવેશ થાય છે. મોદી રેલવેને ઉચ્ચ પ્રાથમિકતા આપવા માંગે છે. જેના ભાગરૂપે રેલવેમાં નવા પ્રાણ ફુંકવા માટે રેલવે યાત્રી ભાડામાં વધારો કરવામાં આવનાર છે. રેલવેની સ્થિતીને સુધારવા માટે સરકારે કમર કસી લીધી છે. જેના ભાગરૂપે યાત્રી ભાડામાં વધારો કરવામાં આવનાર છે. બીજી બાજુ મોદી સરકાર ડીઝલની સિબસિડીને તબક્કાવારરીતે દુર કરવાની યોજના ધરાવે છે. આવી સ્થિતીમાં એલપીજી અને કેરોસીન માટે માસિક રીતે કિમતમાં વધારો કરવાની વ્યવસ્થા અમલી બનાવી શકાય છે. ખર્ચ ફર કાપની તૈયારી કરવામાં આવી છે. ગુજરાતમાં તેમના ગાળા દરમિયાન જે નિતી અપનાવવામાં આવી હતી તે નિતી અહીપણ લાગુ કરવામાં આવનાર છે. પીએસયુ બેંકોને મર્જ કરવાની દિશામાં પગલા લેવામાં આવી શકે છે. બીજી બાજુ ફુડ બિલને માત્ર ગરીબોને ટાર્ગેટ બનાવીને તેના કદમાં ઘટાડો કરવામાં આવી શકે છે. ખાતર સબસિડીને તર્કસંગત બનાવવા માટેની તૈયારી પણ સરકારે હાથ દરી છે. યુરિયાની કિંમતને તર્કસંગત બનાવી શકાય છે. શ્રમ સુધારાની દિશામાં સરકાર આગળ વધી શકે છે. જે રીતે રાજસ્થાન સરકારે કેટલાક પગલા સાથે આને અમલી બનાવવાનો પ્રયોગ કર્યો છે. જમીન બિલને સુધારવા માટે કેટલાક પગલા લેવામાં આવી શકે છે. પાક માટે સમર્તન કિંમતોમાં વધારો કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. બજેટ આડે હવે વધારે સમય રહ્યો નથી ત્યારે કેટલાક કઠોર પગલા લેવાની હિલચાલ શરૂ થઇ ચુકી છે.

# ૫૧૯ મિલિયન મોબાઈલ ઈન્ટરનેટ યુઝર થઈ જશે

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મહાકાય કંપની મોર્ગન સ્ટેન્લી દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, વર્ષ ૨૦૧૮ સુધી ભારતમાં મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ૫૧૯ મિલિયન સુધી પહોંચી જશે. મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોમાં હાલ ઝડપથી વધારો થઈ રહ્યો છે. મોબાઈલ હેન્ડસેટની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે સાથે-સાથે સ્માર્ટફોનની બોલબાલા વધી રહી છે. આવા સમયમાં મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ઝડપથી વધી રહી છે. દર વર્ષે ૨૫ ટકા સુધીનો સરેરાશ વધારો થઈ રહ્યો છે. મોર્ગન સ્ટેન્લીએ પોતાના અહેવાલમાં કહ્યું છે કે, ૨૦૧૮ સુધી મોબાઈલ ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ૫૧૯ મિલિયન સુધી પહોંચી જશે. ભારતના ટેલીકોમ સેક્ટર અંગે તેના અહેવાલમાં મોર્ગન સ્ટેનલીએ કહ્યું છે કે, ૨૦૧૬ નાણાકીય વર્ષમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધીને ૩૩૦ મિલિયન સુધી પહોંચી જશે.

# મેસ્સીનો જાદુ : આર્જેન્ટિનાનો બોસ્નિયા ઉપર ૨-૧થી વિજય

રિયો ડી જિનેરિયો,તા. ૧૬

ફીફા વર્લ્ડ કપની મેચમાં સ્ટાર ખેલાડી નિયોનેલ મેસ્સીના શાનદાર દેખાવના કારણે આર્જેન્ટિનાએ તેની પ્રથમ મેચમાં બોસ્નિયા પર ૨-૧થી જીત મેળવી હતી. મોટી સંખ્યામાં ચાહકોની ઉપસ્થિતી વચ્ચે રિયો ડી જેનેરિયો ખાતે રમાયેલી મેચમાં આર્જેન્ટિનાના ખેલાડી ધારણા પ્રમાણે જ છવાયેલા રહ્યા હતા. વિશ્વ કપમાં આર્જેન્ટિનાએ શાનદાર શરૂઆત કરતા હવે રોમાંચક મેચોનો સિલસિલો આગળ વધશે. સ્ટાર ખેલાડી મેસ્સીએ ૬૫મી મિનિટમાં ગોલ કરીને પોતાની ટીમની જીતને નિશ્ચિત બનાવી દીધી હતી. મેસ્સીના ગોલથી મેદાન પર હાજર રહેલા ચાહકો ઝુમી ઉઠ્યા હતા. દરમિયાન ફિફા વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજ હેઠળ રમાયેલી અન્ય એક મેચમાં ફ્રાન્સે હોન્ડુરાસ પર ૩-૦થી જીત મેળવી હતી. મેચની શરૂઆતથી ફ્રાન્સના ખેલાડીઓએ દબાણ વધારી દીધુ હતુ અને હોન્ડુરાસ પર એકપછી એક હુમલા કર્યા હતા. જેથી અંતમાં એક સરળ જીત થઈ હતી. મેચ શરૂ થયા બાદ ૧૧મી મિનિટમાં હોન્ડુરાસના ગોલકિપરે ગોલનો બચાવ કર્યો હતો. ૨૩મી મિનિટામાં ગ્રિજમેને ફ્રાન્સની તરફથી પ્રથમ ગોલ ફટકારી દીધો



હતો પરંતુ તે નિષ્ફળ રહ્યો હતો. ૪૨મી મિનિટમાં ફ્રાન્સને પેનલ્ટી કોર્નર મળ્યા બાદ ચાહકોમાં ઉત્તેજના ફેલાઈ હતી. જેમાં બેન્જેમાએ ગોલ કર્યો હતો. ઈન્ટરવલ સુધી ફ્રાન્સની હોન્ડુરાસ પર એક શુન્યની લીડ રહી હતી. ફ્રાન્સ તરપતી બીજો ગોલ ફમ બેન્જેમાના નામે જ રહ્યો હતો. જ્યારે તેનો બોલ કિક પર ગોલપાસ્ટથી ટકરાઈને પરત આવી ગયો હતો. હોન્ડુરાસના ગોલકિપરના હાથથી સ્પર્શ કરીને બોલ ગોલપાસ્ટમાં ઘુસી ગયો હતો.ફ્રાન્સ તરફથી ત્રીજો ગોલ બેન્જેમાંના નામે રહ્યો હતો. બેન્જેમાએ ખેલની ૭૧મી મિનિટમાં ગોલ કર્યો હતો. આની સાથે જ પોતાની ટીમની જીત નિશ્ચિત બનાવી દીધી હતી. દરમિયાન બ્રાસિલિયામાં રમાયેલી અન્ય એક મેચમાં સ્વીત્ઝર્લેન્ડે ઈક્વાડોર પર ૨-૧થી જીત મેળવી લીધી હતી. આ મેચમાં સ્વી ખેલાડી છવાયેલા રહ્યા હતા. સ્વીસ તરફથી ૪૮મી મિનિટમાં રિકાર્ડોની મદદથી મહમેદીએ હેડર મારફતે ગોલ કર્યો હતો. સ્વીસ ખેલાડી મેચ દરમિયાન ૫૭ ટકા સુધી બોલ પોતાની પાસે રાખવામાં સફળ રહ્યા હતા જ્યારે ઈક્વાડોરના ખેલાડી ૪૩ ટકા સુધી બોલ પોતાની પાસે રાખી શક્યા હતા. ફીફા વિશ્વ કપમાં હજુ સુધી તમામ મેચો ખુબ રોમાંચક થઈ છે.શરૂઆત થયા બાદથી એકપછી એક મોટા અપસેટ થઈ રહ્યા છે.